...ન અથવા ઈમાનની શાખા.
તથા
બકરી ઈદના હુકમો.

ખુદાના નામથી જે મોટો મહેરબાન રહમકર્તા.

... ફરમાવે છે. ખચીત જે લોકોએ કહ્યું કે અમારો રબ્બ અલ્લાહ છે. ફરી તેઓ એનાપર કાયમ રહ્યા તો તેઓપર ડર નથી તેમ તેઓ ગમગીન ન થશે. અને જેઓ ઇમાન લાવ્યા ને સારાં કામ કીધાં તો ખચીત અમે તેઓને જન્નતો કે જેની નીચે નહેરો ચાલે છે તેમાં હંમેશ માટે દાખલ કરીશું.

ઇમાન બધી બંદગી, નેકીની અસલ જડ છે. એજ માટે ઇમાનની દુરસ્તી વગર કોઇ અમલ કબુલ મંજુર થતો નથી, ખરી હદિસથી સાબિત છે. કે ઇમાનની ૭૭ શાખા છે. જે જાણવાથી ઇમાન કામેલ થાય છે. એજ માટે કમતરીન મોહંમદ ફરીદુદ્દીન બિન ફજલે મોહેયદ્દીન કસ્સે જરપુલ્લાહ. જીલ્લે મહબુબ. નગર દખ્ખન હૈદ્રાબાદવાલા જેઓને અલ્લાહ સાહેબ પોતાના દોસ્તની તુફેલથી બખશે. તેઓએ આલેમોના ચેરાગ બુજરગોના છત્તર મૌલાના મોલવી હાફેઝ મોહંમદ અશરફઅલી સાહેબ થાનવી બધાને ફાયદા દેનાર કુરઆનની આયતોના ખોલનાર હદિસોના જાણકાર સનદી ભરોસાદાર નુરાની કિતાબોથી આ રીસાલાને અલગ ચુંટી તૈયાર કર્યો છે. અને એનું નામ તફસીલુલ ઇમાન રાખ્યું છે. અને કેટલીક જગ્યા જરૂરતથી લખાણમાં વધારો ઘટાડો કરી ખુલાસાવાર ખરી હદિસના તરજુમા સાથે લખ્યું છે જેથી ઉમેદ છે કે સર્વે મુસલમાન એને આંખનો સુરમો તથા જાનનું રેહાણ બનાવશે. અને પોતે યાદ કરી પોતાના બાળબચ્ચાં સગાં વહાલાં દોસ્ત બિરાદરો ... યાદ કરાવશે અને હમેશ ... કરી સરકારી તથા ખાનગી મદ્રેસા નિશાળોમાં દાખલ કરાવી ઇમાનની કામેલ દોલતથી સરફરાઝ થશે.

ખુદાના નામથી જે મોટો મહેરબાન રહમ કરનાર.

સર્વે સ્તુતિ ખુદા માટેજ છે કે જે બધા જહાનનો પાળનાર છે. અને દરૂદ તથા સલામ પેગમ્બરના સરદાર તથા તેમની આલ અસહાબ તમામ માટે છે.

અબુહોરેરા (રઝ) થી રિવાયત છે કે હજરતે (સલ) ફરમાવ્યું કે ઇમાનની ૭૦ થી વધુ શાખા છે. જેમાંથી ઉત્તમ ' લાએલાહ ઇલ-લલ્લાહ " કહેવું છે. અને ઉતરતું કોઇ હં... ચીજને રસ્તામાંથી દૂર કરવું છે અને હયા (લાજ) પણ ઇમાનની એક શાખ છે. બુખ...

આ ખુશીના ફરમાનથી જણાયું કે જ્યારે આટલી વાતો ઇમાનથી સંબંધ ધરાં... મુસલમાન તે છે કે જે ... એ સઘળી વાતો હોય અને જેમાં થોડીક હોય ને થોડીક ... અધુરો મુસલમાન છે. ... વાત સઘળા જાણે છે કે પુરા મુસલમાન થવું ઘણું ... એજ માટે દરેકને વાજેબ ... બધી વાતોની ... ...રી હાંસેલ કરે કે જે... ખામી ન રહે. ઓ અલ્લાહ ... ...બથી ઇમાનપર સાબિ... રહમ કરવાવાળાઓ પર રહમ ... હદિસ જાણનારા ખરૂં ... ...કરી ઇમાન... એને બરાબર હદિસ પ્રમાણે જ ...ને એના વિ... ...ઓથી ઇમાન, ...રથી ... દીલ ... (૧) ... ઉપર ઇમાન લાવવું ... આ છે હૈયુન, કદીરુન, મુરીદુન,

જાન, ઇરાદો કરનાર, વાત કરનાર, જાણનાર, સાંભળનાર, જોન
૧ હવુ તેના પેદા કરવાથી બધું પેદા થયું. (૩) ખુદાના ફીરસ્તા ખબ
ઓરત છે. [૪] ખુદાની જે જે કિતાબો રસુલોપર ઉતરી છે તે બધા મુક
ગણત્રી નથી. પણ હવે કુરઆન સિવાય બીજાના હુકમ ઉઠી ગયા છે. બધા પેગમ્બરો સાચા છે તેની પણ અમુક ગણત્રી નથી પણ હવે માત્ર હજરત [સલ] ના રસ્તા પર ચાલવાનો હુકમ છે. (૬) તકદીક ખુદાને બધી વાતોની પ્રથમથીજ ખબર છે અને જે તેને મંજુર છે તેજ થાય છે. (૭) કયામત આવનારી છે. (૮) જંનતને માનવું તે પેદા થઇ છે તેમાં તરેહ તરેહની રાહતો નીઅમતો છે તેમાં રહેનારા નાસ થશે [૯] જહંનમને માનવું તે પેદા થઈ છે તેમાં સાપ વીછુ તેમ તરેહ તરેહના અજાબ છે અને તેમાં રહેનારા નાશ ન થશે. [૧૦] ખુદાની મોહબ્બત કરવી એ સિવાય બીજાની ન કરવી, અને તેના હુકમને બજાવવું તેમ જે ચીજથી તેની નજદીકી થાય તેને કરવું. (૧૧) હજરત (સલ)થી મોહબ્બત રાખવી તાજીમ કરવી, દરૂદ શરીફ પઢવું. તેમના રસ્તા પર ચાલવું. (૧૨) કોઇથી દોસ્તી કે દુશ્મની કરે તો ખુદા માટેજ કરે. (૧૩) દરેક કામમાં દીનનીજ નૈયત કરે પછી રેયા નેફાકને મુકે એ ખાલેસ નૈયતમાં દાખલ છે. (૧૪) ગુનાહો પર તોબા કરવું. (૧૫) ખુદાથી ડરવું. (૧૬) ખુદાની રહમતના ઉમેદવાર રહેવું. (૧૭) શરમ કરવી અને દીનમાં હયા તેને કહે છે કે ગુનાહોથી બચવુ અને કઇ કસુર થાય તો ગમગીન થવું. (૧૮) ખુદાના અહેસાન, નીઆમતનુ શુકર બજાવવું. (૧૯) દીન પ્રમાણે કરાર વાયદાને પુરો કરવો. (૨૦) શહવતને મુકે, મુસીબત પર સબર કરે. (૨૧) પોતાને બીજાથી હલકો-ઉતરતો સમજે, મોટાની ઇજ્જત, નાના પર રહમ કરે અને મગરૂરી, ધુમડ, હસદ, કીનો, ગુસ્સો મુકવો તવાજોમાં દાખલ છે. (૨૨) ખુદાની મખલુક પર રહમ કરવુ. (૨૩) ખુદા તરફથી જે કંઇ થાય તે પર રાજી રહેવું. (૨૪) ખુદા પર ભરસો કરવો. (૨૫) પોતાની કઇ ખુબી પર વડાઇ ન કરે. (૨૬) કોઇથી કીનો કપટ ન રાખે. [૨૭] કોઇથી હસદ ન કરે. (૨૮) દીન વિરૂધ ગુસ્સો ન કરે. [૨૯] કોઇનું બુરૂં ન તાકે. (૩૦) દુનીઆથી મોહબ્બત ન રાખે.

" જબાન સાથે ઈમાનની ૭ વાતોનું બયાન "

] કલમો પઢવો. [૨] દરેક દિવસે કુરઆન પઢવું તેનો કમ દરજ્જો દસ આયત, દરમી-
આયત, અને એથી વધુ ઉત્તમ છે. [૩] દીનનો ઇલમ શિખવો. [૪] અને વગર મજુરી
વો [૫] ખુદાથી દુઆ માંગવી. (૬) ખુદાની જીકર કરવી પછી ઇસતેગફાર પણ જીક-
છે. (૭) ગુનાહોથી બચવું જેમકે જુઠું, નિંદા, ચાડી, ખુશ્મત, અહંકાર, ફીટકાર
બોલવો, જુઠો વાયદો કરવો, નકામું વઢવું ઝગડવું, બુરી ૧ કરવી, વધું મજાક કરવી,
ાત કરવી, હદો મજાક, નકામુ સરાવવું, ગાળો વિગે

"બદન સા ની ૪૦ બયાન.

બદન કપડાં પાક રાખ
૩) ઝકાત, ફીતરે
પછી વાજેબ,
કરવો પછી
બ્યા

૧, સુનંત, નરીલ, કબ્જ વિગેરે
વિગેરે પણ દાખલ છે [૪]
ન છે. [૫] હજજ ઉમરો કરવો.
,૭) જ્યાં પર દીનની ખરાબી
માનતા પુરી કરવી, [૯] જે કસમ
દેવો. તે આ છે કે બે ટંક પેટ
ડાં દે કે એક ગુલામ આજાદ કરે અગ
ક તાર રાખે. [૧૧] જે બદન ઢાંકવું ફરજ

ા કરવી [૧૩] મૈયતનુ કફન દફન કરવુ. [૧૪] જેનુ કરજ ...ા ...માં દીન વિરૂધ્ધથી બચવુ. [૧૬] સાચી સાક્ષી છુપાવવી નહિ. (૧૭) જો ...નીકાહ કરે પણ જેને શકતી કે હાજત ન હોય તેને પરણવુ જરૂર નથી (૧૮) જે પો... હુકુમતમાં છે તેનું હક્ક દેવું તેમાં ગુલામ નોકરથી નરમી કરવી દાખલ છે. [૧૯] માબાપના હુકમમાં રહેવુ (૨૦) ઓલાદનું પોષણુ તરબીયત કરવી (૨૧) સગાઓથી બદસુલુકી ન કરવી (૨૨) લોંડી, ગુલામને પોતાના માલેકની ખીજમત કરવી. [૨૩] ઇનસાફ કરવો. (૨૪) મુસલમાનોની જમાઅતથી શરીઅમ મુજબ તો અલગ ન થવું. [૨૫] હાકીમની તાબેદારી કરવી પણ દીન વિરૂધ તો ન કરે. (૨૬) વઢનારાઓમાં સુલેહ કરાવે પણ ખારજી, બાગીઓથી કેતાલ કરવું પણ દાખેલ છે. (૨૭) સારાં કામોમાં મદદ કરવી. (૨૮) સારો રસ્તો બતાવવો બુરાઇથી રોકવું. [૨૯] જો હાકીમ તો દીન પ્રમાણે સજા દે. [૩૦] જો વખત આવે તો દીનના દુશમનોથી લડવું. [૩૧] અનામત દેવી પણ પાચમાં હિસ્સાનું દેવુ એમાં દાખલ છે. (૩૨) હાજતવાલાને ઉછીનુ દેવું. [૩૩] પડોસીની ખાતર કરવી. (૩૪) પાક આમદની લેવી. [૩૫] શરીઅત મુજબ ખર્ચ કરવો પણ નકામુ ખર્ચવાથી બચવુ. [૩૬] સલામનો જવાબ દેવો. [૩૭] જો કોઇ છીકે ને અલહમ્દો કહે તો તેને યરહમો કલ્લાહ કહેવુ. [૩૮] કોઇને વિના કારણથી તકલીફ ન દેવી. (૩૯) દીન વિરૂધ ખેલ તમાશાથી બચવુ. જેમક નાટક, સરકશ, નાચ, પાના, કુફર, શીરક, બીદઅત, વ્યાજ, જુઠાણુ, રૂશવત, મકર, ફરેબ, શતરંજ, જુગાર, પાસા, તાડી, દારૂ, અફીણ, ગાંજો, ભાંગ, કોકેઇન, શરાબ, ગાવું, વગાડવુ, મુજરા, મદારીના ખેલ, હરામકારી, ગાંડુ, ચોરી, કબુતરબાજી, મરઘાબાજી, પતંગબાજી, બુલબુલબાજી, બકરાબાજી, વિગેરે પણ કમાનથી તીર ફેંકવો, ઘોડાને ફેરવવો, પોતાની ઓરતથી રમવુ, એ ત્રણ ખેલ કાયદાના તેમ દુરસ્ત છે. [૪૦] રસ્તામાંથી પત્થર, કાંટા, લાકડી વિગેરેને દુર કરવું છે. ભાષાંતર કર્તા, મો. સ. હાફેજ સાજેદ.

બકરી ઈદના હુકમો.

ખુદાના નામથી મોટા મહેરબાન રહેમ કર્તા.

ખુદા કહે છે મારી પાસે કુરબાનીનુ માસ તથા ખુન, પહોંચતું નથી પણ તમારો તકવો પહોંચે છે. આથી જણાયું કે તકવા સાથે કુરબાની કબુલ થાય છે.

અમે ખુદાની સ્તુતિ કરીએ છીએ. અને તેના રસુલ (સલ) પર દરૂદ મોકલીએ છ પછી આ કેટલાક કુરબાનીના મસલાઓને ભરોસાદાર કિતાબો જેમકે હિદાયા, આલમગી મુખતાર, મજાલેસુલ અબરાર વિગેરેથી સર્વ મુસલેમીન માટે લખીએ છીએ જેથી ઉ ખુદાપાક એને કબુલ કરી લોકોપયોગી કરી સર્વેને જાણકાર કરે. આમીન.

"જીલહજ્જ માસના પહેલા દાહકાની બુજરૂગીનું બયાન"

હજરતે (સલ) ફરમાવ્યું કે એ દાહકામાં બંદગી કરવી એ ખુદાને ઘણી પસંદ એ દિવસોના રોજાનો સવાબ આખા વરસના સરખો છે. અને એની દરેક રાતોની બંદગી કદરની રાતના બરાબર છે. હજરત અબુ દરદા (રદ) ફરમાવે છે કે એ દિવસોમાં રે જોઇએ તેમ નમાઝ, દુઆ, ઇસતેગફાર વિગેરે ઘણી પઢવી જોઇએ. એટલા માટે કે ન" એ ફરમાવ્યું કે તાજુબ છે તે માણસપર કે જે આ દહાકાની ખુબીઓથી મહરૂમ રહે. (દેશી) ને ૯ મી તારીખનો રોજો રાખવો જોઇએ. કેમકે એની ખુબીઓ અગણીત કુરબાની હોય તે એ માસનો ચાંદ થયા પછી વાળ, નખ વિગેરેને ન કપાવે પણ (પછી કપાવે.) અને એ મુદતમાં બુરાં કામોથી બચવું જોઇએ. જેમકે મુબાર સવાબ વધે છે. તેમ બુરાઇનો અજાબ પણ વધારે છે. એજ માટે એમ કહેવા

ના - નેર નવા કપડાં પહેરે. ઇદ તેની છે કે જે ગુનાહથી બચે. ઇદ ...
બહેક, ઇદ તેની છે કે જે તોબા કરી પાછો ન ફરે. ઇદ તેની નથી કે જે
ઇદ તેની છે કે જેની પાસે તકવાનું ભાથું છે. ઇદ તેની નથી કે જે ઊંટાપર સવાર,
છે કે જે બુંડાઇ તજે. ઇદ તેની નથી કે જે ગાલીચાપર બેસે. ઇદ તેની છે કે જે સીધા રર ચાલે.

"ઇદની નમાઝનું બ્યાન."

ઇદની નમાઝ આગળ ગુસલ, દાતણ કરવું, ખુશબો લગાડવી, સુરમો આંજવો, ખેરાત કરવી, સુબાહ કપડાં પહેરવાં, મળશકે ઉઠી નમાઝ પઢી ઇદગાહે ચાલતાં જવું પછી જો બે રસ્તા હોય તો એકથી. "અલ્લાહો અકબર અલ્લાહો અકબર લાએલાહ ઇલ-લલ્લાહો વલ્લાહો અકબર અલ્લાહો અકબર વલીલ્લાહેલ હમદ." જો રમજાનની ઇદ તો ધીમેથી કહેવું અને બકરી ઇદ તો જોરથી કહેવું તેમ બીજે રસ્તેથી પાછા ફરવું અને રમજાનની ઇદમાં નમાઝ આગળ ફીતરો દેવો તેમ ખજુર કે કોઇ મીઠી ચીજ ખાવી. અને બકરી ઇદમાં વગર ખાધે જવું તેમ નમાઝ પછી જો બની શકે તો પોતાની તાજી કુરબાનીનું માસ ખાવું. બહેતર છે. અને ઇદગાહમા જવા પછી એખલા કે બધા મળી તકબીર કહેવી નહિ. તેમ જો બધા મલી રાગથી કહેશે તો હરામ થશે. ઇદની નમાઝ હનફી મજહબમાં વાજેબ છે એનું વખત ઇશરાકથી કે સુર્ય નમવા સુધી છે. પણ રમજાન-ઇદમાં જરાવારથી અને બકરી ઇદમાં જલદીથી પઢની જોઇએ અને એ નમાઝમાં છ તકબીરો વધારે છે. તેમાંથી ત્રણ પહેલી રકાઅતમા સના પછી અને ત્રણ બીજી રકાઅતની કેરાત પછી રૂકુઅ આગળ અને એ તકબીરમા હાથ છુટા રાખે. પછી તકબીર કહી રૂકુઅમાં જઇ નમાઝ ખલાસ કરે. તે પછી ફીતરાનો કે કુરબાનીનો ખુતબો પઢી પોતાને ઘેર ચાલ્યા જાય.

"તશરીકની તકબીરનું બ્યાન."

અબુ હનીફા (રહ) ના નજદીક ફરજ એનની નમાઝની જમાઅત પછી દરેક મરદ, આજાદ, બાલેગ, મુકીમ, શેહેરી પર એક વખત જોરથી મચકુર તકબીરને ૯ મી જીલહજ્જની સહવારથી ૧૦ મીની અસર સુધી આઠ નમાઝમાં કહેવુ વાજેબ છે. પછી એ સિવાય બીજાઓપર વાજેબ થી. પણ જેનાપર તકબીર વાજેબ છે. તેઓની પાછળ એઓ નમાઝ પઢશે તો વાજેબ થશે. પણ ...રતે ...મેથી કહેવુ વાજેબ છે. અને સાહેબેન (રહ) ના નજદીક દરેક માણસપર મરદ, ઓરત, ...ફકીર, ગુલામ, આજાદ, શહેરી, ગામડીઆ, જમાઅતથી કે એખલા પઢે. ઉપરની શરૂ-...તેરમીની અસર સુધી એ બધી તેવીસ નમાઝમા કહેવું વાજેબ છે. અને આ વખતમાં ...વચનપર ચુકાદો છે. અને જો ઇમામ તકબીર કહેવું ભુલે તો મુકતદી ...રાહ ન જુએ. અને જો બધા ભુલે તો જો મસજીદથી બહાર ગયા તો ...બહાર ન ગયા તો કહે. અને જો કોઇની નમાઝ મચકુર મુદતમાં રહી ગઇ, પછી જો ...જ મુદતમાં કરે તો તકબીર કહે. અને જો બીજા વખતની નમાઝ છુટેલીને એ મુદતમાં ...ની નમાઝ મુકેલી ને બીજા વખતમાં કે એ વખતની નમાઝ રહેલી ને બીજા વરસની ...કજા કરે તો એ ત્રણ સુરતમાં ન કહે. બકરી ઇદની નમાઝ પછી તકબીર કહેવું ...છે. દુર્રે. બહર.

"કુરબાનીનું બ્યાન."

...જહબમાં દરેક મુસલમાન. આજાદ, મુકીમ, જેની પાસે પરા સુધી રૂપીઆ, ચાંદી. ...અસબાબ, વિગેરે અથવા ૭ા તોલા સોનું કે જણસ પોતાની અસલ જરૂરીઆતથી ...તેરફાનો તે કરજદાર પણ ન હોય તો તેના પર કુરબાની વાજેબ છે. પછી એ ...વાજેબ નથી **મસલો.** (નિયમ) અમીરી, ફકીરી, પયદા થવા, મરવાનો ભરોસો

ન છે, પછી જો કોઇ શહેર વખતમાં ફકીર હોય અને આખર
જબ થશે. અને જો એથી ઉલટું તો વાજેબ નથી. અને જો કોઇ ઉતવ-
ન વાજેબ થશે અને જો આખરમાં મરે તો વાજેબ નથી. **મસલો.** શેહેરી જેના પર
ઇદની નમાઝ વાજેબ છે. તે નમાઝ પછીથી અને ગામડીઓ જેની પર ઇદ વાજેબ નથી તે ઇદની
સહવારથી કે ૧૨માને સૂર્ય ડુબ્યા સુધીમાં કુરબાની કરે અને જંગલી પોતાના નજદીકના જમાતની
નમાઝ થયા બાદ કરે અને રાતના કરવું મકરૂહ છે. અને જો કોઇ શહેરીનો વિચાર નમાઝ આગળ
કુરબાનીનો હોય તો કુરબાનીને બહાર ગામડે લઇ જઇ કરે તો દુરસ્ત છે. **મસલો.** જો કોઇ
નમાઝ પછી ખુતબા આગળ કુરબાની કરશે તો દુરસ્ત છે, જો ઇદમાં કોઇ કારણથી શહેરમાં
નમાઝ ન થાય તો બીજે ત્રીજે દિવસે નમાઝ આગળ પણ કુરબાની દુરસ્ત છે. એજ રીતે કોઇ
કારણથી નમાઝ થવાની ન હોય તો સહવારથી કુરબાની દુરસ્ત છે, જો ઇદની નમાઝ માટે ઇમામ
વાર લગાડે તો સૂર્ય નમતા સુધી રાહ જોઇ પછી કુરબાની કરે જો શહેરમાં કેટલીક જગ્યાએ
નમાઝ થાય તો કોઇ પણ જગ્યાની નમાઝ ખલાસ થયેલી કુરબાની દુરસ્ત થશે. અને
કાયદા સર ચાહ જોવાની શાહદીથી નમાઝ પછી કુરબાની થઇ પછી જણાયું કે આજે ? અરફા છે તો
ફરીથી નમાઝ, કુરબાની વાજેબ નથી. એમજ કુરબાની કીધાં પછી માલમ પડયું કે [illegible]
પવિત્રતાએ નમાઝ પઢાવી તો નમાઝને પાછી ફેરવવી વાજેબ છે, પણ કુરબાની વાજેબ નથી.
મસલો. જો પોતે જુબહ (વધ) કરવા જાણતો હોય તો કરે અને નહિ તો કોઇ જાણનારની હાજર
રહી વધ કરાવે પણ ઓરતને હાજર રહેવું જરૂર નથી. પહેલા દહાડાની કુરબાનીનો સવાબ ઘણો
છે ને પછીનો ઉતરતો છે. **મસલો.** કુરબાનીમાં જગ્યાનો ભરોસો છે ન માલેકનો પછી જો કુરબાની
ગામડાંમાં હોય ને માલેક શહેરમાં તો સહવારથી વધ કરવું દુરસ્ત છે અને જો એથી ઉલટું તો
નમાઝ પછી દુરસ્ત થશે. **મસલો.** ઊંટ પાચ વરસનો, ગાય ભેંસ બે વરસની, સાત જણ સુધી
બકરાં, ઘેટાં, દુમ્બા, એક વરસના એક જણ માટે પછી નર હોય કે નારીની કુરબાની દુરસ્ત છે.
એ સિવાય બીજાની દુરસ્ત નથી પણ જો ઘેટા દુમ્બો છ માસનો એવો ભરેલો હોય કે જોનારને વરસનો
જણાય તો દુરસ્ત છે. **મસલો.** ઊંટ, ગાય, ભેંસમાં નારી બહેતર છે. અને બકરી બકરાથી દુંબો
ઘેટાંથી જો માંસ, કીંમતમાં સરખાનો બહેતર છે. એમજ જો સાતમો ભાગ તથા બ
એકજ હોય તો બકરાની કુરબાની બહેતર છે. **મસલો.** આંધલા, કાણાં, લુલા,
કમેલા સુધી કે પગ મુકી ચાલે નહિ પુછડાં, કાન વગરના ગાંડા કે ઘાસ ન ખાય
ખુનસા (જેને કે મરદ, ઓરતની નિશાન છે) મરકટ હોય, કાન પુછડાં, વધુ કપા
વધુ ન દેખાય, દાંત ન હોવાથી કે જબાન કપાવાથી ઘાસ ન ખાય, થાન કપાયલા
દવાના સબબથી દુધ બંધ થએલા, મેલાં સિવાય બીજું ન ખાય, શીંગડા મગજ
બધાની કુરબાની દુરસ્ત નથી. પણ ખસ્સી, વગર શીંગડાંના, શીંગડા ભાંગેલાં, દીવ
ખાય, ખરજવાલા ભરેલાં, થોડાક દાંત ન હોય તેમ ઘાસ ન ખાય, વધારે દાંત, કાન
બાકી હોય, માના પેટથી નાના કાન હોય, ડામવાલા, કાન ફાટેલા, કેટલીક ઠેકાણે
નુકશાન થયલું હોય એ બધાંની કુરબાની દુરસ્ત છે. **મસલો.** જો ગમાર સારૂ
પછી જો તે એબદાર થાય તો તેને બીજું ખરીદવું વાજેબ છે અને જો ગરીબ
ખરીદે કે પછી એબદાર થાય તો તેને તેજ દુરસ્ત છે બીજું વાજેબ નથી. અને
કુરબાની મરી જાય તો બીજી લેવી વાજેબ છે પણ ગરીબને વાજેબ નથી, અને

થાય કે ચોરાય જાય પછી બીજી ખરીદ્યા બાદ કુરબાનીના
ઓમાંથી એક વાજેબ છે પણ ગરીબને બેઉ વાજેબ થશે. **મસલો.** કે
જો કંઇ એબદાર થાય તો કંઇ પરવા નથી તેજ દુરસ્ત થશે. **મસલો.** જો કાઇ
કમ ભાગ લેનાર કે મુસલમાન સિવાય બીજો ભાગીઆ કે માત્ર માંસ માટે ભાગીઆ હશે તો
કાઇની કુરબાની થશે નહિ **મસલો.** જો કાઇ કુરબાની ખરીદ કર્યો પછી બીજાઓને ભાગીઆ
કરશે તો દુરસ્ત છે પણ મકરૂહ થશે. અને જો સાત જણ મલીને કુરબાની ખરીદી તેમાંથી કેટલા-
કની નૈયત કુરબાનીની છે અને કેટલાકની અકીકા કે કેરાન કે તમન્તઅ કે નજરની હોય
તો પણ દુરસ્ત છે, અને જો સાત ભાગીદારોમાંથી કાઇ મરી ગયો તો જો તેના વારેસો રજા દે તો
દુરસ્ત છે અને નહિ તો નહિ. અને જો વારેસ પોતાના તરફથી કીંમત આપી કરે તે પણ દુરસ્તછે
મસલો. જો કાઇએ કુરબાની ન કીધી પછી તેની મુદત ગઇ તો જો ખરીદેલી છે તો તેને જીવતી
ખેરાત કરે અને જો ખરીદેલીનથી તો તેનીકીંમત ખેરાત કરે. **મસલો.** જો કાઇ મૈયતની વસીયતથી
કીધી હોય તો માંસ વિગેરે બધુ ખેરાત કરવુ વાજેબ છે અને જો વગર હુકમથી તો તેનો હુકમ
બીજી કુરબાનીના જેમ છે, **મસલો.** જો કાઇ પોતાના જનાવરને બીજાના
... હુકમ વગર કુરબાનીની નૈયતથી જુબહ કરે તો તેના તરફથી દુરસ્ત થશે નહિ.
મસલો. જો બે માણસે ભુલથી એક બીજાની કુરબાની કીધી તો એ દુરસ્ત છે, એમાં કાઇને
દંડ પડશે નહિ. બલકે દરેક પોતપોતાની કુરબાની લઇ લે અને જો માસ ખવાઇ ગયા પછી
જણાયું તો એક બીજાને હલાલ કરે, અને જો તકરાર પડે તો માંસની કીંમત લઇ ખેરાત કરે.
અને જો કોઇની કુરબાનીનું માંસ નુકસાન કરે તો તેનો પણ એજ હુકમ છે. **મસલો.** જો કાઇ પોતાની
કુરબાનીને બીજા મુસલમાનની મદદથી [છરી પકડાવી] જુબહ કરે તોજ તે બેઉપર બિસમલ્લાહ કહેવા
વાજેબ છે, પછી જો બેઉમાંથી એક ન કહે તો હરામ થશે. દુરરે મુખતાર વિગેરે. **મસલો.** જો કાઇ બીજાને
જુબહની રજા દે અને જુબહ કર્યા પછી તે કહે કે મેં જાણી જોઇને બિસમિલ્લાહ પઢી નથી
તો તેના પર તેની કીંમત દેવી પડશે, પછી જો મુદત હોય તો બીજી ખરીદી ખેરાત કરે, અને
જો મુદત નહોય તો તેની કીમત ખેરાત કરે. **મસલો.** જો કાઇનું જનાવર લુટીને પોતાની કુર-
એ દુરસ્ત નથી, પણ જો તેની બજાર કીમત દે તો દુરસ્ત થશે, એવીજ રીતે
ભાગીઆ જનાવરોનો પણ હુકમ છે, અને જો કાઇ અનામત મુકેલાં કે માગેલાં
ની કરે તો એને એ દુરસ્ત નથી. **મસલો.** કુરબાનીના માંસને ભાગીઆમાં તોલી
થી વહેંચવું દુરસ્ત નથી, પણ જો માંસ સાથે હાથ, પગ, ચામડું, મેળવી દરેકને
થશે તો દુરસ્ત થશે. **મસલો.** મુસતહબ આ છે કે કુરબાનીના ત્રણ ભાગ કરે,
એક સગાંઓ વિગેરેને અને એક ભાગ પોતાના ખાવા કે જમા રાખવા માટે
માંસ અમીર, ગરીબ, મુસલમાન, જીમ્મી [જે કાફર અમનમાં હોય તે] ને
, [આગીયહ] **મસલો.** જંગલી જનાવર કે શહેરી પેદા થવામાં માને તાબે
જનાવરનો બાપ વરુ હોય અને મા બકરી હોય તો તેની કુરબાની દુરસ્ત છે.
લટું તો દુરસ્ત નથી. **મસલો.** અમીર માત્ર કુરબાનીની નૈયત કરે તો વાજેબ
નજર કે કુરબાનીની નૈયતથીજ જનાવર ખરીદે તોજ વાજેબ થશે. અને ફકીર
રબાનીની મુદતમાં નૈયત કરી ખરીદે તોજ વાજેબ થશે. **મસલો.** જે જના-
રે દહાડે હોય તેને જુબહ કરવું મકરૂહ છે, અને જો કુરબાનીને જુબહ કરવા

તો પછી જો જોઇએ તો જુબહ કરે કે જીવતું ખેરાત કરે અને જો મરેલું હોય તો અબુ હનીફા (રહ) ના નજદીક હલાલ નથી સાહેબેન ના નજદીક જો પુરૂં છે તો હલાલ છે અને જો અધુરૂં છે તો હલાલ નથી. **મસલો.** જો .. ઊમરથી જનાવર ખરીદ કર્યું અને તેને વધ કર્યા બાદ તેનો હકદાર બકર જાહેર થયો પછી જો બકર તે વેચાણનો હુકમ આપે તો દુરસ્ત છે અને જો ન આપે તો નહિ. **મસલો.** જો ત્રણ માણસે ત્રણ બકરાં એકે તેમાંથી ૧૦ રૂ. બીજાએ ૨૦ રૂ. ત્રીજાએ ૩૦ રૂ. એ ખરીદ કીધા પછી એ જનાવરો ભેગા થવાથી પોતપોતાની કુરબાનીને ઓળખી શક્યાં નહિ એજ માટે આપસમાં વિચાર કરી દરેકે એક બકરાંની કુરબાની કીધી તો એ દુરસ્ત છે. પણ ૩૦ રૂ. ના માલેક પર ૨૦ રૂ. અને ૨૦. રૂ. ના માલેક પર ૧૦ રૂ. ખેરાત કરવા વાજેબ છે. અને ૧૦ રૂ. નો માલેક કાંઇ ખેરાત કરે નહિ અને જો દરેક તેમાંથી પોત પોતાના સાહેબને રજા દે તો બસ છે કઈ દેવું વાજેબ નથી **મસલો.** કુરબાની કરવા અગાઉ સવાર થવું, ભાડે આપવું, દુધ દોહવું, વાળ, ઊન કાપવા મકરૂહ છે. પણ જો કોઇએ એમ કીધું તો તેની જે ઉપજ આવે તે ખેરાત કરે. **મસલો.** જો કોઇ સગીરના માલમાંથી કુરબાની કરે તો તેને તેમાંથી ખવડવે તેમ તેની હાજત મુજબ જમા રાખે પછી જો બચે તો તેને નહલાક થનારી ચીજોથી જેમકે કપડા મોજા વિગેરેથી બદલે અને હલાક થનારી ચીજોને જેમકે આટા, સરકા, મીઠાઇ, વિગેરેથી ન બદ **મસલો.** કુરબાનીના માસ ચામડાને વેચવું કે કોઇ ચીજથી બદલવું દુરસ્ત નથી પણ જો એમ કરે તો તે ચીજ કે કીંમતને ખેરાત કરવી વાજેબ છે. એમજ કુરબાનીની કાંઈ પણ કાપનાર કસાય વિગેરે મજુરને ખાજમત પેટે દેવું દુરસ્ત નથી, પણ લીલ્લાહ દેવું જાએજ છે **મસલો.** સારૂ આ છે કે ચામડાને લીલ્લાહ દે, અને જો પોતાના હાજતમા જેમકે ચાળણી, ડોલ, મશક, મોજાં, જોડા, મુસલ્લો વિગેરે બનાવવા જોઇએ તો દુરસ્ત છે એવીજ રીતે જો પોતાના કામ માટે કોઇ એવી ચીજથી બદલે કે હલાક ન થાય તે પણ દુરસ્ત છે. પણ જો આજના વખતમાં ખુદા મુસલમાનોને તોફીક દે કે એની કીંમતોને કાયદાસર જમા કરી કોઇ ઇસલામી કામમાં ખર્ચ કરે તો ઘણુંજ બહેતર છે. અને જો એને વેચે તો એનીજ કીમતને કોઇ ગરીબને માલેક કરી દેવું વાજેબ છે. પછી જો મસજીદ કે કફન કે બત્તી વિગેરે જેમ નથી તેમાં દેવું હલાલ નથી. એ, જેવર, દુરરે મુખતાર, બદાએ. **મસલો.** દરેક મુસલમાન સાં તેમ બેશાહ રગ મલી ચાર રગો કાપવાનો તથા બિસમિલ્લાહથી હલાલ થવાનો જા ઓરત, બાલેગ, સગીર, ગાડા, ડાયા, ગુંગા, બોલતા, ખતનાવાલા, વગર ખતનાના, કઈ જુબહ કરે તો દુરસ્ત છે. એવીજ રીતે યહુદ, નસારા ઇસ્મી હોય કે હરબી એ જુબહ કરે તો દુરસ્ત છે. પણ મકરૂહ થશે. પછી જો કોઇ મુસલમાન મચકુર રગોને કાપે કે જાણી જોઇને બિસમિલ્લાહ ન કહે કે યહુદ, નસારા, ખુદાના નામ વગર બ કે મજુસી, બુતપુજનાર, ઇસલામથી ફરેલા, એહરામવાલા જુબહ કરે તો દુરસ્ત ન કોઇ ભુલથી બિસમિલ્લાહ ન કહે તો જાએજ છે. **મસલો.** નખ, દાંત બદનથી જુ સીંગડાં, હાડકાં, વાંસની ચીપ, વહેતા પત્થર વિગેરે એવી ચીજ કે જેથી ખુન જારી જુબહ કરવું પણ દુરસ્ત છે. જુબહની છરી આગલથી તેજ જોઇએ જનાવર આગળ તેજ કરસે તો મકરૂહ થશે. ગળાની હાડકી સુધી જુબહ કરશે કે શરીર જુદું કરશે બાજુથી જુબહ કરશે કે પગ પકડી ગસડે કે થંડુ પડયા આગલ ચામડું કુપેલે એ

[illegible] કરી [illegible]

કુરઆનની [illegible] કે [illegible] "એ

[illegible] છે અને [illegible] તે [illegible] છે.

[illegible] એમ કહે કે "એ અલ્લાહ [illegible] નથી. અને [illegible]

કોઈ આખી અલ-હમદો લીલ્લાહ કહ્યું ને બિસમિલ્લાહનો [illegible] કરે તો આમનથી દુરસ્ત નથી.

અને તેમ [illegible] બિસ્મિલ્લાહની જગ્યાએ અલહમદો લીલ્લાહ કે સુબહાનલ્લાહ કહે ને [illegible] બિસ-

મિલ્લાનો [illegible] તો દુરસ્ત છે. અને મશહુર આ કહેવું "બિસમિલ્લાહે અલ્લાહો અકબર" છે. અને

કુરઆનની [illegible] આ આયત "[illegible] છેવટ સુધી" મશહુર છે તે પર.

અકીકાનું બયાન.

જયારે બચ્ચું પેદા થાય ત્યારે તેના [illegible] ગસલ દઈ [illegible] કપડું [illegible] સીના કાનમાં નમાઝના જેમ અઝાન અને ડાબા કાનમાં તકબીર કહે અને સલાત, [illegible] પર પહોંચ્યાથી બેઉ બાજુએ ફેરવે તે પછી કોઈ મીઠી ચીજ ખજુર કે [illegible] ચટાડે અને સાતમા દિવસે એટલે જે દિવસે પેદા થાય તેના આગલા દિવસે કે એ પ્રમાણે [illegible] છે. [illegible] એકથી બે બકરા અને [illegible] ખુદાને [illegible] અને એજ દિવસે [illegible] આગળ કે પાછળ હજામત બનાવવી [illegible] ચાંદી [illegible] અને વાળ [illegible] માથા પર કેસર કે સંદલ ઘસે અને [illegible] નામ [illegible] તો પ્રથમ [illegible] જેમકે અબદુલ્લાહ, અબ્દુર રહેમાન, વિગેરે [illegible] જેમકે [illegible] અહમદ વિગેરે કે [illegible] નબીઓના નામોનું જેમકે મોહંમદ, ઈબ્રાહીમ, [illegible] વિગેરે અને [illegible] તો એવું નામ રાખે કે તેની મતલબ, સારી હોય જેમકે હલીમા, [illegible] વિગેરે રાખે. અને દરેક વાતમાં જેવો હુકમ કુરઆનનો છે તેવોજ હુકમ અકીકાનો [illegible] એમાં [illegible] નથી. અને આજે મશહુર છે કે અકીકાનું માંસ માબાપ, દાદા, [illegible], નાના, નાની [illegible] ન ખાય. તેમ તેની હાડકીઓ ન તોડાય. એની શરીઅતમાં [illegible] નથી પણ હજામને [illegible] અને દાયને એક રાન કે થોડુંક માંસ દેવું મુસ્તહબ છે [illegible] તે પર અકીકા [illegible] માનવા છે અને એ સિવાય [illegible] રીવાજ રેવા, તકલ્લુફીના છે [illegible] વરસગાંઠ, [illegible] બિસમિલ્લાહ, કુરઆન [illegible] વિગેરે એ બધા બિ-અત છે એની પણ [illegible] નથી પણ [illegible] તો [illegible] પ્રથમ [illegible] તથા કલમો શીખ[illegible] દીનદાર બુઝર્ગ પાસે તેને લઈ જઈ બિસમિલ્લાહ [illegible] કુરઆન પઢી રહે કે [illegible] થાય તો તેના સુકરાનામાં [illegible] ખેરાત લીલ્લાહ [illegible] દોસ્તોને કે ફકીરોને ખવડાવે તો એમાં કંઈ હરકત જેવું નથી.

[illegible] યાને છપાવી પ્રસિધ્ધ કરનાર,—મોહંમદ સઈદ બીન હાફેજ સાજેદ.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું:—નગીના લેન મુ. રાંદેર જી. સુરત.

મી૦ હાજી કાસમ મોહમદ કુના ધર્માદા ફંડ તરફથી ભેટ.

[illegible]:—જવાહિર આગાઝની કિતાબનો તરજુમો ગુજરાતી ભાષામાં તૈયાર થઈ છપાઈને [illegible] છે. તે રાંદેરમાં મૌલાના હાફેજ ગુલામ મોહંમદ બિન હાફેજ સાદેક તથા રંગુનમાં [illegible] [illegible] કંપની પાસેથી મફત મળશે.

[illegible] રોડ પર આવેલા ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ [illegible] છાપી